"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट एसोसिएशन

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામી નારાયણ મંદિરની સામે, શાહીબાગ રોડ, અહમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 79-23250123/24
Fax : 79-23250125 (M) 99250 25148

Acting President :
SHRI MAVJIBHAI B. DODIA
(Rajkot)
(O) 0281-2481900
Fax : 0281-2482186 (M) 96240 19991

Hon. Secretary :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516, 079-65449241, 079-65449187 (M) 98240 39477

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૧૭-૨૦૧૮/૧૯ તા.૧૪-૦૪-૨૦૧૭

**<u>ખાસ જરૂરી</u>**

પ્રતિશ્રી,

**માનનીય શ્રી વિપુલ મિત્રા સાહેબ**

અગ્રસચિવ-બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

વિષય :- **સને ૨૦૧૭-૧૮ વર્ષ માટેના વાર્ષિક તેમજ છ માસીક એડવાન્સ ટેક્ષ તેમજ વૈકલ્પિક/લમસમ ટેક્ષ ભરવા બાબતે**

માનનીયશ્રી,

જયભારત સાથ જણાવવાનું કે સને ૨૦૧૭-૧૮ના આર.ટી.ઓ.એડવાન્સ ટેક્ષની મુદત તા.૦૧-૦૪-૧૭ થી તા.૧૦-૦૪-૧૭ સુધીની હતી, જેને આપે તા.૨૦-૦૪-૧૭ સુધી લંબાવી છે તે બદલ આભાર..

૧. આપશ્રીને જણાવવાનું કે પહેલા બે દિવસ કોમ્પ્યુટર સીસ્ટમ ચાલેલ નહી અને ત્યારબાદ શનિવાર, રવિવારની રજાઓ આવેલ. તા.૧૦-૦૪-૧૭ના રોજ જે લોકોએ જાહેર કરેલ અવધિમાં સમયસર ટેક્ષ ભરેલ પણ તેમને ૧.૫% લેખે પેનલ્ટી/વ્યાજ ભરવું પડેલ છે, કારણ કે કોમ્પ્યુટર સીસ્ટમમાં ટેક્ષ ભરવાની અવધિ સાત દિવસની બતાવવામાં આવેલ છે. આ અંગે યોગ્ય કરવા વિનંતી. માન.વાહનવ્યવહાર કમિશ્નરશ્રીના જણાવ્યા મુજબ તા.૨૦-૦૪-૧૭ સુધીમાં જે ટેક્ષની સાથે આવી કોઈ પેનલ્ટી લેવામાં આવી હશે તો તેનું રીફંડ મળશે.

૨. ૭૫૦૦ કિ.ગ્રા. જીવીડબલ્યુથી વધુ જીવીડબલ્યુ વાળી જૂની ગાડીઓનો લમસમ ટેક્ષની વ્યવસ્થા મરજીયાત ધોરણે તા.૦૧-૦૪-૨૦૧૭થી દાખલ કરવામાં આવેલ છે અને તેવી ગાડીઓ સને ૨૦૧૭-૧૮ના એડવાન્સ ટેક્ષ માટેના લમસમ ટેક્ષની પ્રથા સ્વીકારી લમસમ ટેક્ષ ભરવા માંગે તો ઘણી બધી આર.ટી.ઓ. ઓફિસમાં આ પ્રથામાં થતી ટેક્ષની રકમ ગણવા, બતાવવા કે જાણકારીના અભાવે અસમર્થથતા બતાવે છે. તો તે અંગેની જાણકારી જે-તે આર.ટી.ઓ. ઓફિસમાં પહોંચે તેવી વ્યવસ્થા કરવા વિનંતી અને જો તે દરમ્યાન જે-તે ગાડીઓવાળાઓ વાર્ષિક ટેક્ષ ભરી દે તો ત્યારબાદ આ લમસમ ટેક્ષની વ્યવસ્થામાં દાખલ થવા માંગે તો લમસમ ટેક્ષની થતી રકમમાંથી અગાઉ ભરાયેલ વાર્ષિક ટેક્ષની રકમ મજરે આપવાની વ્યવસ્થા તેમજ હુકમ કરવા વિનંતી કરીએ છીએ.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**મુકેશભાઈ સી. દવે**

**(માનદમંત્રી)**